આપણો તાલુકો–વાઈબ્રન્ટ
તાલુકો બાબત...
<u>સમાજ સુરક્ષાની યોજનાઓ</u>

S.J.& E. Deptt.
IWDMS No.
Date 17 SEP 2011

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૧/૧૬૧/છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૯/૨૦૧૧

વંચાણમાં લીધાઃ (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩.૪.૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃનઅપ/૧૦૨૦૧૧/૨૨૨/વસુતાપ્ર.૧
(૨) મહેસૂલ વિભાગનો તા.૧૩.૪.૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપફર/૧૦૨૦૧૧/૨૭૫/લ.૧
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭.૪.૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૧/૧૬૧/છ.૧

// **આમુખ** //

તાલુકા કક્ષાના લાભાર્થીઓને જિલ્લા કક્ષાને બદલે તાલુકા કક્ષાએથી જરૂરી લાભો આપી શકાય તે માટે રાજ્ય સરકાર ધ્વારા 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' કાર્યક્રમને અમલમાં મૂકવા તાલુકા કક્ષાએ 'જનસેવા કેન્દ્રો' ઉભા કરવાનો નિર્ણય સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૧)માં ઠરાવથી કરવામાં આવેલ છે. સંદર્ભ (૩)ના ઠરાવથી સમાજ સુરક્ષાની ત્રણ યોજનાઓ 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' યોજના હેઠળ તબદીલ કરેલ છે. તાલુકા કક્ષાએ વધુ યોજનાઓ તબદીલ કરી લાભાર્થીઓને તાલુકા કક્ષાએ જ સરકારી યોજનાઓનો લાભ મળી શકે તે બાબત મુખ્ય સચિવશ્રી સાથે મળેલ બેઠક અને તેમાં વિગતવાર થયેલ ચર્ચાઓ બાદ દરેક વિભાગની અગત્યની અને પ્રજાને સીધી સહાયભૂત થનાર વધુ યોજનાઓનો અમલ જિલ્લા કક્ષાને બદલે તાલુકા કક્ષાએ સોંપવાની બાબત વિચારણા હેઠળ હતી.

// **ઠરાવ** //

પુખ્ત વિચારણાને અંતે 'આપણો તાલુકા–વાયબ્રન્ટ તાલુકો' યોજના અંતર્ગત નિયામક, સમાજ સુરક્ષા ખાતા હેઠળની નીચે જણાવેલ ૮ યોજનાઓનો અમલ તાલુકા કક્ષાએ મામલતદાર/સક્ષમ અધિકારી મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે :–

૧. અશકતો માટેની શિષ્યવૃત્તિની યોજના
૨. અશકતોને ઓળખકાર્ડ અને એસ.ટી.માં મફત મુસાફરીની યોજના
૩. અશકતોને સાધન સહાય યોજના
૪. અષ્ટાવક્ર યોજના–સમુદાય આધારિત પુનઃવસવાટ કાર્યક્રમ
૫. અશકત વિધવા બહેનોને મકાન સહાયની યોજના
૬. અશકત વ્યકિતઓના કુટુંબીજનોને વીમા સહાયની યોજના

૭. ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજના સ્કીમ અને સંતસુરદાસ યોજના
૮. અશકત વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમ/ટેકનીકલ તાલીમ માટે આર્થિક સહાય યોજના

આ અંગે અન્ય આનુષંગિક બાબતો અંગે નીચે મુજબની સ્પષ્ટતાઓ / સૂચનાઓ / આદેશો બહાર પાડવામાં આવે છે :–

(૧) 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો' કાર્યક્રમ અંતર્ગત તબદીલ થયેલ યોજનાઓના અમલ માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ અને નિયામક, સમાજ સુરક્ષા હેઠળના તાલુકા / જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ સમાજ કલ્યાણ નિરીક્ષકોના મહેકમની એવી રીતે ફાળવણી કરવાની રહેશે, જેથી દરેક તાલુકા કક્ષાના સેવા કેન્દ્ર માટે ઓછામાં ઓછા એક સમાજ કલ્યાણ નિરીક્ષક ઉપલબ્ધ થાય. તાલુકા કક્ષાએ નિમાયેલ નિરીક્ષકોએ અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ કલ્યાણ તથા સમાજ સુરક્ષા એમ ત્રણેય ખાતાની તબદીલ થયેલ યોજનાઓની કામગીરી કરવાની રહેશ. તેમણે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી / મામલતદારના તાબા, નિયમન અને દેખરેખ (Command, Control and Supervision) હેઠળ નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની રહેશે. તબદીલ થયેલ યોજનાઓ સિવાયની ખાતા હસ્તકની યોજનાઓની કામગીરી પણ કરવાની રહેશે. તબદીલ થયેલા નિરીક્ષકો / સ્ટાફ ઉપર શિસ્ત વિષયક કાર્યવાહી માટે જે તે નિયામક હસ્તક હાલની પ્રથા ચાલુ રહેશે.

(૨) ગુજરાત સરકારના કામકાજના નિયમો (Rules of Business)ના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે પ્રભારી વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે.

(૩) નાણાકીય અને વહીવટી સત્તાઓના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે ખાતાના વડાની (Directorate) ભૂમિકા હાલની પ્રથા પ્રમાણે નિયામક, સમાજ સુરક્ષા ખાતું બજાવશે.

(૪) તબદીલ થયેલ યોજનાઓનું સ્વરૂપ અને ઢાંચો આ યોજનાઓ અંગે વખતો વખત થયેલા ઠરાવો, પરિપત્રો અને જાહેરનામા પ્રમાણે રહેશે.

(૫) સમાજ સુરક્ષા નિયામકશ્રીની તમામ યોજનાઓમાં ગ્રાન્ટની ફાળવણી સમાજ સુરક્ષા નિયામકશ્રી ધ્વારા પ્રથમ કલેકટરશ્રીઓને અને ત્યારબાદ કલેકટરશ્રીઓ ધ્વારા મામલતદાર/સંબંધિત સક્ષમ અધિકારીને કરવાની રહેશે. તબદીલ થયેલી ગરીબલક્ષી યોજનાઓના સાંગોપાંગ અમલ માટે તાલુકા કક્ષાના સેવા કેન્દ્રો ઉપર તેમની Command, Control, Supervision and Accountability તરીકેની ભૂમિકા ચાલુ રહેશે.

(૬) તાલુકા સેવા કેન્દ્રો ખાતે તબદીલ થયેલી યોજનાઓ માટે તાલુકા કક્ષાએ કાર્યક્ષમ અને પૂરતું મહેકમ ન ગોઠવાય ત્યાં સુધી યોજનાઓ ખોરંભે ન પડી જાય અને છેવાડાના ગરીબ લાભાર્થીઓ યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય તે માટે પ્રવર્તમાન અમલીકરણ તંત્રએ અમલ ચાલુ રાખવાનો રહેશે.

(૭) તબદીલ થયેલી યોજનાઓના સરળ અમલીકરણમાં વહીવટી, નાણાકીય, મહેકમ કે અન્ય આનુષંગિક બાબતોના ઉભા થતાં પ્રશ્નો / મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની જવાબદારી નિયામક, સમાજ સુરક્ષાએ જિલ્લા મહેસૂલી તંત્રના પરામર્શમાં લાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**( આઈ.એમ.કુરેશી )**
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકતિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અશકત વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- ➢ સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- ➢ નિયામકશ્રી, નગરપાલિકાઓ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ➢ સર્વે કલેકટરશ્રીઓ.
- ➢ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.×
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.×
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદ.×
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.×
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.×
- ➢ સર્વે મામલતદારશ્રી. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- ➢ સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- ➢ સર્વે તાલુકા જનસેવા કેન્દ્રો (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- ➢ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ / કોર્પોરેશન.
- ➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- ➢ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સામાજિક ન્યાય અને અધિકારી વિભાગની 'છ.૧'/'છ'/'ગ'/'જ'/'હ'/'અ'/'અ.૧'/'બજેટ'/ 'રોકડ'/ કમ્પ્યુટર સેલ શાખા.
- ➢ સિલેકટ ફાઈલ 'છ.૧' શાખા.

× પત્ર દ્વારા.